મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

આજે ફુલજોગણી મંદિર સે-૧૨ ખાતે નવચંડી યજ્ઞ અને રાસગરબા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ખાતે આંબેડકર ભવનની બાજુમાં આવેલ ફુલ જોગણી માતાના મંદિરે તા. ૨૪ ઓકટોબરને બુધવારના રોજ શરદપૂર્ણિમાના દિવસે સવારે ૮ થી સાંજના ૬ સુધી નવચંડી યજ્ઞ તથા રાત્રે ૯ કલાકે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચક્રપાણી હનુમાનજી મંદિર વડનગરના મહંત શ્રી દર્શનગીરી બાલ બ્રહ્મચારી ઉપસ્થિત રહેશે. ભાવિકોને દર્શન પૂજા તથા ગરબાના કાર્યક્રમના લાભ લેવા આયોજક માનવસર્જિત આપતિ નિવારણ ટ્રસ્ટ તરફથી અનુરોધ કરવામાં આવે છે.

દિવાળીને પખવાડીયાનો સમય છતા બજારમાં મંદીનો માહોલ

ગ્રાહકોને દુકાન સુધી લાવવા વેપારીઓની અવનવી સ્કીમ

ગાંધીનગર, તા.૨૩

દિવાળીના પાવન પર્વને પખવાડીયાનો સમય બાકી રહ્યો છે. તેમ છતા શહેરના બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. બજાર સુધી ગ્રાહકોને લાવવા માટે વેપારીઓ દ્વારા સેલ તેમજ અવનવી સ્કીમો તૈયાર કરી છે. છતા પણ બજારમાં સવારથી સાંજ સુધી જોઈએ તેટલી ઘરાકી જોવા મળતી નથી, જેને પગલે વેપારીઓ પણ ચિંતાગ્રસ્ત દેખાઈ રહ્યા છે. સામાન્ય દિવસોમાં તો નવરાત્રી બાદ દિવાળીનો માહોલ જામતો હોય છે. મહિલાઓ બજારમાં ઘરની વિવિધ ચીજવસ્તુઓ ખરીદી કરવા પડાપડી કરતી હોય છે. મીઠાઈ, ફરસાણ, બુટ-ચંપલ, કપડા, ઈલેકટ્રોનીકસ,ઓટો મોબાઈલ્સ, ઘરવખરીની ચીજવસ્તુઓ સહિત દરેક ક્ષેત્રે તેજી જોવા મળે છે. પરંતુ હાલના સમયે બજાર નરમ બની જવા પામ્યું છે. વેપારીઓ વિવિધ ટ્રીક અપનાવી ગ્રાહકોને દુકાન સુધી લાવવામાં સફળતા મેળવતા હોય છે. પરંતુ આ વર્ષે મોંઘવારી અસર વર્તાઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. જયારે ઓનલાઈન બિજનેસની અસર પણ સામાન્ય બજારો પર પડી રહી છે. પોતાની પસંદગીનું અને ઘરે બેઠા સમયસર અને સસ્તુ મળી જતુ હોય તો નાગરીકો બહાર ભીડભાડવાળી દુકાનમાં જવાનું ટાળી રહ્યા છે. ગાંધીનગર શહેરના સેકટર-૭, ૨૧, ૨૪ સહિતના બજારમાં વેપારીઓ સવારથી સાંજ સુધી બેઠા હોવા છતા જોઈએ તેટલી ઘરાકી થતી નથી. શહેરની હોટલ તેમજ વિવિધ સંસ્થાના હોલમાં વેપારીઓએ મોટી જગ્યા ભાડે રાખીને સેલ ઉભા કર્યા છે. જેમાં કપડા, બુટ-ચંપલ, ચાદર, પગલુછણીયા, રૂમાલ, સાડીઓ, નાના બાળકોના કપડા, ઘર સજાવટની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. સેલમાં સસ્તા ભાવે વેચાણ થતુ હોવા છતા ગ્રાહકોની ભીડ એકઠી થતી નથી. જયારે નાગરીકો ચીજવસ્તુઓ જોઈને જતા રહે છે, પરંતુ ખરીદનાર વર્ગ હાલની સ્થિતિએ ઓછો જોવા મળી રહ્યો છે. દિપાવલીના પાવન પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, બજારમાં મંદીનો માહોલ સર્જાયો છે. બજારો સુમસામ લાગી રહ્યા છે, ત્યારે આગામી દિવસોમાં ગ્રાહકોને બજાર સુધી લાવવા માટે વેપારીઓ અવનવી તરકીબ અપનાવતા દિવાળીનો માહોલ ઉભો થશે. જયારે દિવાળીના ગણતરીના દિવસો પૂર્વે બજારમાં ઘરાકી ખુલશે તેવી આશા વેપારીઓ વ્યકત કરી રહ્યા છે.



ઋષિવંશી સમાજ સેવા સંઘ દ્વારા આજે શરદપૂર્ણિમાએ રાસ-ગરબા

ગાંધીનગર, તા.૨૩

ઋષિવંશી સમાજસેવા સંઘ પરિવાર દ્વારા શરદપૂર્ણિમાના પાવન પ્રસંગે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઋષિવંશી સમાજસેવા સંઘ પરિવારના પ્રમુખ હેમરાજભાઈ પાડલિયાના જણાવ્યા પ્રમાણે ૨૪મી ઓકટોબર બુધવારના રોજ સે-૧૬ના રંગમંચ ખાતે રત્રે ૮.૩૦ કલાકે રાસ-ગરબા અને રાત્રે ૭.૩૦ કલાકે ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

આયોજક તરીકે ઋષિવંશી સમાજસેવા સંઘ સ્થાપક પ્રમુખ હેમરાજભાઈ પાડલિયા અને મોટી છાસઠ હવેલી જૂથના પ્રમુખ નંદુભાઈ પારેખે નાયી-વાળંદ કુટુંબના સભ્યોને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

મહિલા ખેડૂતોને ખેડૂત તરીકે સ્વીકારી સમાન અધિકારો આપો

જીએનએલયુ ખાતે રાજય સ્તરીય મહિલા ખેડૂત સંમેલન યોજાયું : ૧૭ જિલ્લામાંથી ૨૫૦થી વધુ મહિલા ખેડૂત ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં આજે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે રાજયકક્ષાનું મહિલા ખેડૂત સંમેલન યોજાયું હતું. વર્કિંગ ગ્રૂપ ફોર વિમેન એન્ડ લેન્ડ આંતરશીપના નેજા હેઠળ યોજાયેલા મહિલા ખેડૂત સંમેલનમાં મોટી સંખ્યામાં ૧૭ જિલ્લાના ૨૫૦થી વધુ મહિલા ખેડૂતો જોડાયા હતા. મહિલા ખેડૂત સંમેલનનો ઉદ્દેશ ખેતીમાં પુરુષ પ્રધાન માળખાને કારણે મહિલા ખેડૂતોને થઈ રહેલા અન્યાય પ્રત્યે જાગૃતિ આણી સરકારી યોજનાના લાભો સહિત જમીનના હક્કો મહિલા ખેડૂતોને અપાવવાનો છે.

સંમેલનમાં ડબલ્યુ જી ડબલ્યુ એલઓ શિલ્પા વસાવડાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં ૪૦ ટકા જેટલી મહિલાઓ ખેત મજૂર છે અને કુલ ખેત મજૂરોમાંથી ૬૫ ટકા ખેત મજૂર મહિલા છે. આમ છતાં પુરુષપ્રધાન માળખાને કારણે મહિલાઓનું ખેતીમાં યોગદાન વધુ હોવા છતાં તેમના નામે જમીન હોતી નથી તેમજ તેના કારણે તેમને સરકારી યોજનાના લાભો પણ પ્રાપ્ત થતા નથી. જો મહિલા ખેડૂતો માટે બજેટ અને ખેતીની યોજનાઓમાં અલગ જોગવાઈ કરવામાં આવે તેમજ મહિલા ખેડૂત જેને ખેડૂત ખાતાવહીમાં સામેલ કરવામાં આવે તે જરુરી છે.

મહિલા ખેડૂત સંમેલનમાં જીઈડીઆરના ડૉ. ઈતિશ્રીએ જણાવ્યું હતું કે ખેતી કામમાંથી પુરુષ ખેત મજૂરો ઝડપથી બહાર નીકળતા જાય છે જયારે મહિલા ખેત મજૂરોની સંખ્યા વધતી જાય છે જેના કારણે જેન્ડર ગેપમાં વધારો થઈ રહ્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત એનઈએસ ઈન્ડિયાના અનુવર્માએ જણાવ્યું હતું કે એફઆરએના કાયદાના અમલીકરણની ક્ષતિના કારણે અનેક મહિલા ખેડૂતોને નુકશાન થવા પામ્યું છે. રાજયમાં ૩૮ હજારથી વધુ કેસો હજુ પેન્ડિંગ છે અને બીજી તરફ મહિલા લાભાર્થીને મળવા પાત્ર જમીન પર વનવિભાગે કેસના ચુકાદા પહેલા વૃક્ષોનું વાવેતર કરી દેતા મહિલા લાભાર્થીની હાલત વધુ કફોડી બની છે, આ કેસોને લોક અદાલતમાં લાવી ઝડપથી નિકાલ લાવવો જોઈએ.

સંમેલન દરમિયાન અનિયમિત ચોમાસું અને સજીવ ખેતી બાબતે મહિલા ખેડૂતોના અનુભવો, મહિલા ખેડૂતોનું ખતીમાં યોગદાન, મહિલા ખેડૂત સન્માન અને તેમના પ્રશ્નો, જંગલ જમીન અધિકાર વગેરે બાબતે ચર્ચા હાથ ધરાઈ હતી.

મહેનતાણામાં પણ મહિલા ખેડૂતો સાથે ભેદભાવ

મહિલા ખેડૂત સંમેલનમાં ઉપસ્થિત નર્મદા જિલ્લાના ઉગતાબેને જણાવ્યું હતું કે 'ખેતીકામમાં મહિલા ખેત મજૂર પ્રત્યે ભેદભાવ કરાય છે, મહિલા ખેત મજૂર પુરુષ મજૂર જેટલું જ કામ કરતા હોવા છતાં પુરુને રૂ. ૧૫૦ની સરખામણીએ મહિલા મજૂરને માત્ર રૂ. ૧૦૦ મહેનતાણું અપાય છે. એટલું જ નહી પરંતુ મનરેગામાં પણ પુરુષોને સપ્તાહના રૂ. ૯૭૦ મળે છે જેની સાથે મહિલાને માત્ર રૂ. ૮૦૦ ચુકવવામાં આવે છે'.

સ્વામિનારાયણ મંદિર સેકટર-૨માં આજે શરદોત્સવ

ગાંધીનગર, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર-૨ ખાતે ભવ્ય શરદોત્સવ (રાસોત્સવ)નું તા. ૨૪મી ઓકટોબરના રાત્રે સાડા આઠ વાગે આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંતો મહંતો તથા વિવિધ સ્થળોએથી ભકતો પધારીને દિવ્યતા અનુભવશે.

આસો સુદ પૂર્ણિમાનું 'શરદપૂર્ણિમા' તરીકે ભારતીય સંસ્કૃતિમાં મહત્વ દર્શાવેલ છે. આ પર્વ સાથે આસ્થા અને ધાર્મિકતા શ્રદ્ધાથી જોડાયેલ છે. આરોગ્ય પ્રમાણે આ દિવસે દૂધ-પૌંઆ ભગવાનને ધરાવીને તે પ્રસાદ ગ્રહણ કરીએ તો તે સ્વાસ્થ્ય માટે સારો હોય છે. આવા પવિત્ર પ્રસંગે હાજર રહેવા મહંત સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશએ જણાવે છે.

આલમપુર પાટિયા પાસે ઝાડ સાથે બાઈક ટકરાતાં યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદના મોટેરા વિસ્તારમાં રહેતા બે સગા ભાઈઓ નવું નક્કોર બાઈક લઈને આલમપુર રોડ તરફથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક ચલાવી રહેલા નાના ભાઈએ બાઈકના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા આલમપુર પાટીયા પાસે તેનું બાઈક ઝાડ સાથે ટકરાઇ ગયું હતું. આ અકસ્માતમાં બંને ભાઈઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમાં બાઈક ચલાવી રહેલા નાના ભાઈનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું હતું જયારે મોટાભાઈની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ચિલોડા પોલીસ એ ઘટના અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના સાબરમતી વિસ્તારમાં મોટેરા ખાતે રહેતા મધુકાંતભાઈ કેશવલાલ કોરડીયાએ તેમના દીકરા માટે એક મહિના પહેલાં જ ડ્રીમ યુગા બાઈક નવું લાવી આપ્યુ હતુ. હજુ આ બાઈકને નંબર પણ આવ્યો નથી. આ બાઈક લઈને ગઈકાલે બપોરે સવા એક વાગ્યાના અરસામાં મધુકાંતભાઈના બંને દીકરાઓ પૃથ્વીરાજ અને પાર્થ ગાંધીનગર થઈને આલમપુર રોડ તરફ જઈ રહ્યા હતા. બાઈક નાનો ભાઈ ચલાવી રહ્યો હતો અને મોટો ભાઈ પૃથ્વીરાજ પાછળ બેઠો હતો. આલમપુર પાટીયા પાસે પાર્થે બાઈકના સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા રોડની સાઈડમાં ઝાડ સાથે બાઈક ધડાકાભેર ટકરાઈ ગયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં બંને સગા ભાઈઓ ગંભીર રીતે ઘવાયા હતા અને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગરથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલક નાનાભાઈ પાર્થનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજયુ હતું. તો બીજી તરફ મોટાભાઈ પૃથ્વીરાજની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ચિલોડા પોલીસે મધુકાંતભાઈની ફરિયાદના આધારે મૃતક પાર્થ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નવુ નક્કોર બાઈક લઈને બે ભાઈઓ આલમપુર રોડ પરથી નીકળ્યા હતા ત્યારે અકસ્માત નડયો : મોટાભાઈની હાલત ગંભીર

ઉવારસદ રોડ પર ફાટક પાસેના ખેતરમાંથી દારૂની ૨૫ બોટલો પકડાઈ : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૨૩

અડાલજ પોલીસની ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ઉવારસદના મેહુલ નટવર રાવળ નામનાં બુટલેગરે દારૂનો વેપલો કરવા માટે લાવેલી દારૂની બોટલો ફાટક નજીક ઝાડ પાસે સંતાડી છે. જેના આધારે તપાસ કરી અડાલજ પોલીસે ૨૫ નંગ દેશી દારૂની બોટલો પકડી પાડી છે. પોલીસે રૂ.૭૫૦૦ ની કિંમતનો દારૂ જપ્ત કરી મેહુલ રાવળ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

અડાલજ પીઆઈ જે.જી વાઘેલાની સૂચનાને આધારે તેમની ટીમ તેમના હદ વિસ્તારમાં ચાલતી દારૂ-જુગારની પ્રવૃત્તિઓને નેસ્ત નાબૂદ કરવા સક્રિય છે ત્યારે ગઈકાલે તેમની એક ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ અજિતસિંહને બાતમી મળી હતી કે વરસાદ નજીક ફાટક પાસે વાવોલ જતા રોડ પર એક ખેતરમાં ઝાડ પાસે વિદેશી દારૂ સંતાડવામાં આવેલો છે.

ઊવારસદના બુટલેગર મેહુલ નટવર રાવળે વેપલો કરવા માટે આ વિદેશી દારૂની બોટલો સંતાડી હોવાની માહિતી મળી હતી. અડાલજ પોલીસની ટીમે બાતમીના આધારે તે સ્થળે દરોડો પાડી તપાસ કરતાં ઝાડ પાસે સંતાડેલી ૨૫ નંગ વિદેશી દારૂની એપિસોડ બ્રાન્ડની બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ ની ૨૫ બોટલ (કિ. રૂ. ૭૫૦૦) જપ્ત કરી ફરાર બુટલેગર મેહુલ રાવળ સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

રાંદેસણ ખાતે ધોળેશ્વર મંદિર પાસે આવેલા ફલેટમાં તસ્કરો ત્રાટક્યા

પત્નીને લઈને પતિ વડોદરા ખાતે હોસ્પિટલમાં ગયા હતા ત્યારે તેમના બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું: રૂ.૮૬ હજારની મતાની ચોરી

ગાંધીનગર, તા. ૨૩

ન્યુ ગાંધીનગરમાં રાંદેસણ ખાતે આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી એક ફલેટની સ્કિમમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. પત્નીને લઈને પતિ વડોદરા ખાતે હોસ્પિટલમાં ગયા હતા ત્યારે તેમના બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુંહતું. મકાનના મુખ્ય દરવાજાનુ ઈન્ટરલોક અને નકુચો તોડી અંદરથી રૂપિયા ૮૬ હજારની કિંમતના દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. મકાન માલિકની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ન્યુ ગાંધીનગરના રાંદેસણ ખાતે ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી આવાસ રિવેરા ફલેટની સ્કીમમાં મકાન નંબર ડી-૨૦૧ માં રહેતા નિવૃત કર્મચારી મહેશચંદ્ર રામસ્વરૂપ ગુપ્તા ૨૧ ઓક્ટોબરે પોતાના મકાનને તાળું મારીને પત્નીને લઈને વડોદરાની હોસ્પિટલ ગયા હતા. ગઈકાલે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે જોયું તો તેમના મકાનના મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક અને નકુચો તૂટેલી હાલતમાં હતો. તેમના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. મકાનમાં ઘૂસીને તિજોરીઓ ફંફોસી અંદરથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૮૬,૫૦૦ની મત્તા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. પોતાના મકાનમાં થયેલી ઘરફોડ ચોરી મામલે મકાનમાલિક મહેશચંદ્રએ પોલીસને જાણ કરતા ઈન્ફોસિટી પોલીસ મથકના પી.એસ.આઈ પઢેરીયા સ્થળ પર દોડી ગયા હતા અને મકાન માલિકની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાતની ટીમ બોલાવી તસ્કરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

કડાદરા હત્યા કેસની તપાસ એલસીબીને સોંપાઈ

દહેગામ તાલુકાના કડાદરા ગામે નવરાત્રી દરમિયાન થયેલી બબાલ પ્રકરણમાં એકનુ મૃત્યુ થતા કડાદરા ગામ માં માહોલ તંગ બની ગયો છે. છરાના ઘા મારીને ગંભીર રીતે ઘાયલ કરવામાં આવેલા જિલ્લા કોંગ્રેસ મહામંત્રી રણવીર સિંહનું સારવાર દરમિયાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું ત્યારે સામે પક્ષના હુમલાખોરો ભાજપ સાથે ઘરોબો ધરાવતા હોવાથી આ મામલો રાજકીય રીતે પણ ગરમાયો છે. સમગ્ર પ્રકરણમાં મૃતકના પરિવાર જવાની માંગને લઈને જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ ગુનાની તપાસ એલસીબીને સોંપી છે. આ ગુનાનો એક હુમલાખોર હોસ્પિટલમાં દાખલ છે અને બીજા ફરાર છે. હોસ્પિટલમાં દાખલ હુમલાખોરને તબીબ ડિસ્ચાર્જ કરે તેવા તરત જ તેની ધરપકડ કરવા પોલીસની તૈયારી છે તો બીજી તરફ મૃતકના ઘરે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

લવારપુર ગામે પરંપરાગત રીતે ભવ્ય ગરબા મહોત્સવ ઉજવાયો

ચિલોડા, તા.૨૩

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે દર વર્ષે યોજાતા નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન યુવક મંડળ દ્વારા તોત્રી માતાજીના મંદિરના પટાંગણમાં ઉલ્લાસભેર કરવામાં આવ્યું હતું. આ ગરબા મહોત્સવમાં દશેરાના દિવસે રાત્રે ગામના માઈભકતો માતાજીની માનતા-બાધાના ગરબા ઘરેથી માના ગુણલા ગાતા ગાતા મંદિરના ચોકમાં લાવી ૨૦૦થી વધુ કોરેલા માટીની માટીમાં ગરબા કોડિયામાં દીવો પ્રગટાવી નવલી નોરતાની ભવ્ય ઉજવણી કરી હતી અને ધન્યતા અનુભવી હતી. ભવ્ય આરતીમાં ગામના ભકતજનો તથા આજુબાજુના ગામના યુવક-યુવતીઓ તથા ખેલૈયાઓ પધાર્યા હતા અને ડીજેના તાલે મન મુકી ગરબે ઘુમ્યા હતા.

શનિવારે ૨ હજાર યુવાનો સ્વાસ્થ્ય જાગૃતિ માટે દોડશે

ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટના વિદ્યાર્થીઓ દ્વારા ૭ કિમીની 'યુથ રન'નું આયોજન : આ વર્ષની થીમ 'હમ ફીટ તો ઈન્ડિયા ફીટ'

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં આગામી તા. ૨૭મી ઓકટોબરે સવારે ૬ કલાકે ૭ કિમીની 'યુથ રન' યોજાશે. જેમાં ૨ હજારથી વધુ દોડવીરો જોડાશે. ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટની સાયનેટસ કમિટિના વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ યુથરન સંસ્થાના મુખ્ય ગેટથી પ્રારંભ થશે અને ઘ-૩ સર્કલ થઈ પરત ફરશે.

'હમ ફીટ તો ઈન્ડિયા ફીટ' થીમ આધારિત યુથ રનનું આયોજન ડીએ આઈઆઈસીટીના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે. યુથરનના પ્રારંભ સમારોહમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી ડી.ડી. કાપડિયા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ સાથે ડીએ આઈઆઈસીટીના ડાયરેટર ડૉ. કે.એસ. દાસ ગુપ્તા પણ ઉપસ્થિત રહેશે. યુથ રનનો પ્રારંભ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટના મેઈન ગેટ ખાતેથી થશે જે ઘ-૩ પથિકાશ્રમ સર્કલ થઈ પ્રારંભ સ્થળે પરત ફરશે. યુથ રનના આયોજક વિદ્યાર્થીઓના મતે આ દોડમાં અંદાજે ૨ હજાર દોડવીરો જોડાશે. કુલ ૭ કિમીની આ દોડનો ઉદ્દેશ સ્વાસ્થ્ય જાગૃતિનો હોવાથી તેની થીમ પણ 'હમ ફીટ તો ઈન્ડિયા ફીટ' રાખવામાં આવી છે.

રાત્રે સૂતેલા મજૂર ઉપર ફલેટના ચોથા માળેથી કોઈએ ઈંટ ફેકી

સરગાસણના સેવન સીઝ ફલેટમાંથી કોઈએ ઈંટ ફેંકતા મજુર ગંભીર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ખાતે મેઘ મલ્હાર ફલેટ પાસે રહેતા અને સળિયાના બાંધકામની મજૂરી કરતા ૨૩ વર્ષીય યુવાન શાંતિલાલ રતનલાલ આહરી ઉપર ગઈકાલે રાત્રે કોઈ અજાણ્યા શખ્સે સેવન સીઝ ફલેટના ચોથા માળેથી છૂટી ઈંટ ફેકી હતી. રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં કોઇ શખ્સે ફેકેલી ઈંટ મજુર શાંતિલાલના છાતી ઉપર આવીને પડતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગંભીર રીતે ઘવાયેલા આ મજુરને તાત્કાલિક આસ્કા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. તેને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મજુર શાંતિલાલની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ સામે સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર મહેશજી જેસંગજી, ઉ.વ. ૪૦
- સ્વ. કોકીલાબેન ચંદુલાલ શુકલ, ઉ.વ. ૭૨
- સ્વ. ઠાકોર ચંદુજી કાળાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર ડાયાજી શિવાજી, ઉ.વ. ૬૫
- સ્વ. કલ્પેશકુમાર અંદરજી ઠાકોર, ઉ.વ. ૨૪
- સ્વ. મોંઘીબેન શંકરભાઈ જાદવ, ઉ.વ. ૪૦